email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

## અખિલ ગુજરાત લોહાણા સમાજ દ્વારા 'ચિંતન શિબિર' સફળતાપૂર્વક સંપન્ન

અખિલ ગુજરાત લોહાણા સમાજ એ સમગ્ર ગુજરાતમાં કાર્યરત ૪૫૦થી વધારે લોહાણા મહાજન, મહિલા મંડળ તેમજ યુવક મંડળ જેવી સંસ્થાઓનું નેતૃત્વ કરતી તથા લોહાણા સમાજના સંગઠનને મજબૂત કરવાનાં ધ્યેય સાથે સતત રચનાત્મક કાર્યો કરતી સંસ્થા છે. અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઇ ઠક્કર તથા તેમની સમગ્ર ટીમ આપણા સમાજના સર્વાંગી વિકાસ અને ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ અને ચિંતિત છે.

સમગ્ર ગુજરાતમાં પ્રસ્થાપિત અને સમાજ સેવાને સમર્પિત આવી સંસ્થાઓ હોદ્દેદારો તથા જ્ઞાતિહીત માટે સતત ચિંતિત જ્ઞાતિશ્રેષ્ઠીઓ સાથે વિચાર – વિમર્સ કરવા તથા તેમના માર્ગદર્શન અને સૂચન મેળવવાના ઉમદાહેતુ સાથે તા.૧૫.૦૨.૨૦૧૫ને રવિવારના રોજ પ્રમુખશ્રી ઉમંગભાઇ ઠક્કરના યજમાન પદે મહેંદી નવાબ જંગ હોલ, પાલડી, અમદાવાદ ખાતે એક નવા દૃષ્ટિકોણ સાથે 'ચિંતન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું.

એક અનેરા ઉત્સાહ સાથે સમગ્ર ગુજરાતમાંથી અનેક સંસ્થાઓના હોદ્દેદારો તથા જ્ઞાતિશ્રેષ્ઠીઓ તા.૧૪.૦૨.૨૦૧૫ને શનિવારના સાંજથી અમદાવાદ પહોંચી ગયા હતા અને તા.૧૫.૦૨.૨૦૧૫ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ચા–કોફી–અલ્પાહારને ન્યાય આપી બરાબર ૧૦.૦૦ કલાકે સભાખંડમાં પ્રવેશ કરી ચૂક્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવો પ્રમુખશ્રી ઉમંગભાઇ ઠક્કર, માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી પરેશભાઇ ભૂપતાણી, અખિલ ગુજરાત લોહાણા સમાજના મહામંત્રીશ્રી ભગવાનભાઇ ઠક્કર 'બંધુ', ડૉ.નંદલાલ માનસેતા સાહેબ, ડૉ.નરેશભાઇ સૂચક (ભાવનગર), શ્રી મનસુખભાઇ બારાઇ (ઓખા), શ્રી દેવચંદભાઇ ઠક્કર (રાધનપુર), શ્રી પ્રવિણભાઇ ડી. ઠક્કર (શ્રી પ્રવિણબાપા), શ્રી નરેશભાઇ પુજારા (અંકલેશ્વર), શ્રી બાબુભાઇ રતાણી વગેરેના શુભહસ્તે દીપ પ્રાગટ્ય કરી, મંચ ઉપર સ્થાન ગ્રહણ કરેલ અને રાષ્ટ્રગીત દ્વારા રાષ્ટ્રને તથા શૌર્યગીત દ્વારા રઘુવંશી સમાજનું અભિવાદન કરવામાં આવ્યુ હતુ

પાવર પ્રેઝન્ટેશન દ્વારા અખિલ ગુજરાત લોહાણા સમાજની વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓની ઝલક રજૂ કરવામાં આવી હતી.

મહામંત્રીશ્રી મુકેશભાઇ ઠક્કરની નાદુંરસ્ત તબિયતને કારણે ઉપસ્થિત ન રહી શકતાં મહામંત્રીશ્રી ભગવાનભાઇ ઠક્કર દ્વારા સૌનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ અખિલ ગુજરાત લોહાણા સમાજની વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો અને આવનારા સમયમાં આયોજિત થનારી પ્રવૃત્તિઓ અંગે સવિસ્તાર અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. મહામંત્રીશ્રી મુકેશભાઇ ઠક્કરની ગેરહાજરીથી સૌને કંઇક ખૂટતું હોય તેવો હૃદયપૂર્વક અનુભવ થયો હતો.

પ્રમુખશ્રી ઉમંગભાઇ ઠક્કર દ્વારા તેમના ઉદ્‌બોધનમાં સૌ ઉપસ્થિત જ્ઞાતિશ્રેષ્ઠીઓ, સંસ્થાઓના હોદ્દેદારોનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આજના દિવસે ખૂબ જ લગ્ન પ્રસંગો છે તેમજ ભારત – પાકિસ્તાનની ક્રિકેટ મેચ પણ છે, તેમ છતાં આપ સૌ અત્રે આપણા સમાજના ઉત્કર્ષ માટે ચિંતન કરવા ઉપસ્થિત રહ્યા છો, તે બદલ ખૂબ ખૂબ અભિનંદન... આપ સૌ દીકરી વળાવવાનાં સમયે હાજર સ્નેહીજનો જેવાં છો...

પ્રમુખશ્રી ઉમંગભાઇ ઠક્કર દ્વારા પ્રમુખ સ્થાન ગ્રહણ કર્યા બાદ અખિલ ગુજરાત લોહાણા સમાજની સમગ્ર ટીમ દ્વારા આયોજિત થયેલા વિવિધ રચનાત્મક કાર્યક્રમોની તસવીરી ઝલક રજૂ કરતી પ્રોફાઇલ (આધુનિકતા સાથે ઐક્ય – નવી દિશા, નવું વિઝન) જે દરેક સંસ્થાઓ, જ્ઞાતિશ્રેષ્ઠીઓ, હોદ્દેદારોને મોકલી આપેલ છે, એ અંગે વાત કરતાં જણાવેલ કે, અખિલ ગુજરાત લોહાણા સમાજની સમગ્ર ટીમે નિષ્ઠાપૂર્વક આપણા સમાજના ઉત્કર્ષ માટે પ્રયત્ન કરેલ છે અને આપ સૌ પણ આપના કાર્યક્ષેત્રમાં નિષ્ઠાપૂર્વક આપણા સમાજની સેવા કરી રહ્યા છો. સૌને વિનંતી કરતાં પ્રમુખશ્રી ઉમંગભાઇ ઠક્કરે જણાવ્યું હતુ કે, આપ આપના અમૂલ્ય સૂચન કરો પરંતુ જે અમલમાં મૂકી શકાય હોય તેવાં જ સૂચન કરવાં મારી આગ્રહભરી વિનંતી છે.

તા.૧૩ તથા ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૫ દરમ્યાન આયોજિત 'યુવા વ્યક્તિત્ત્વ શિબિર' અંગે સંતોષ વ્યક્ત કરતાં પ્રમુખશ્રીએ

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

જણાવ્યું હતું કે, આ બે દિવસ દરમ્યાન ૨૫૦ યુવાન મિત્રો સાથે આત્મીયતા થઈ છે અને યોગ્ય સૂચન કરનાર યુવાનોને પ્રોત્સાહિત કરી તુરંત જ જવાબદારી પણ સોંપી દીધી છે.

આજે પણ આ શિબિરનું આયોજન કંઈ નવું શીખવાનાં ધ્યેય સાથે કરવામાં આવ્યું છે અને અમારી સમગ્ર ટીમ જવાબદારી સ્વીકાર્યા બાદ ખૂબ જ નિષ્ઠાપૂર્વક કામ કરી રહેલ છે, ત્યારે આપ સૌ પણ આપણા સમાજના ઉત્કર્ષ માટે થઈ રહેલા વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક ભાગ લેશો અને આપણા મહાઅભિયાન એવા લોહાણા સમાજની વસ્તી ગણતરી તથા ત્રિમાસીક મુખપત્ર 'લોહાણા વિઝન એન્ડ મિશન'ના ૨૫,૦૦૦ ઉપરાંત સભ્યો બનાવી સમગ્ર ગુજરાતના લોહાણા જ્ઞાતિબંધુઓને એકસૂત્રમાં બાંધવા માટેના અમારા પ્રયાસમાં સાથ – સહકાર આપશો...

વિશેષમાં આગામી આયોજનો અંગે જણાવતાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતુ કે, નજીકના ભવિષ્યમાં લોહાણા મહાજન તથા આપણા સમાજની અન્ય સંસ્થાઓના પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીઓ માટેના વર્કશોપનું આયોજન કરવું, આપણા સમાજના સરકારી ક્ષેત્રમાં ઉચ્ચ હોદ્દા ઉપર સેવાઓ આપી રહેલા જ્ઞાતિબંધુઓના વિશિષ્ઠ સન્માન સમારંભનું આયોજન કરવું. મુંબઈ સ્થિત સંસ્થા 'અંજળ અને અવસર'ના સૂત્રધાર શ્રી જયેન્દ્રભાઈ સોઢા, કે જેઓ બે વખત (તા.૧૮.૧૦.૨૦૧૪ તથા તા.૨૭.૧૨.૨૦૧૪) અમારી લાગણીને માન આપીને અમદાવાદ આવી અપરણીત યુવક – યુવતીઓ તથા તેમના વાલીઓને સુંદર અને ઉપયોગી કાઉન્સીલિંગ દ્વારા માર્ગદર્શન આપી ચૂક્યા છે. તેમના સાથ – સહકારથી આપણા ગુજરાતની ૧૦૦ ઉપરાંત યુવતીઓને લગ્ન કરાવી મુંબઈ જેવાં મહાનગરમાં સ્થાયી કરવી છે.

અંતમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતુ કે, અમારી સમગ્ર ટીમની એવી ઈચ્છા અને હૃદયથી ભાવના છે કે, અમારો કાર્યકાળ પૂર્ણ થયા બાદ પણ આવનારા કાર્યકર્તાઓને સમાજ સેવાની સરળતા રહે તેવું માળખું તૈયાર કરવું અને તેથી જ અમારા સૌની દિલથી સમાજના ઉત્કર્ષની ભાવના હોવાથી કડવા ઘૂંટ પીવા ટેવ પાડી દીધી છે. આપ સૌને મારી નમ્ર વિનંતી છે કે કોઈપણ કાર્યકર્તા કામ કરે ત્યારે ભૂલ થવી સ્વાભાવિક છે, પણ જે સારૂં કામ થાય તેને ધ્યાને લઈને તેમની પીઠ થાબડો, ભૂલોને ધ્યાનમાં લઈને તેને ચર્ચાનો વિષય ન બનાવો.

મહામંત્રીશ્રી ભગવાનભાઈ ઠક્કર 'બંધુ'એ સમગ્ર સભાને ખાસ વિનંતી કરી હતી કે, આપ શ્રી એવા જ સૂચન કરશો જે વાસ્તવિક રીતે અમલમાં મૂકી શકાય તેમજ આપશ્રી આપની સંસ્થાના માધ્યમથી શું યોગદાન આપી શકશો, જે યોગદાન આર્થિકદાન, સમયદાન વગેરે જેવા સ્વરૂપમાં પણ હોઈ શકે અને આપના સૂચનને પરિપૂર્ણ કરવા માટે આવશ્યક હોય.

સમગ્ર ગુજરાતના વિવિધ ક્ષેત્રોમાં સતત સંગઠન અને ફોલોઅપને કારણે ખૂબ જ પરીચય અને આત્મીયતા કેળવાઈ ગયા છે. જેથી અખિલ ગુજરાત લોહાણા સમાજના દરેક કાર્યક્રમોમાં અચૂક આવવાનો ઉત્સાહ રહે છે.

આજની આ ચિંતન શિબિરમાં પધારેલ જ્ઞાતિ અગ્રણીઓ તેમજ તમામ સંસ્થાઓને પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરની પ્રમુખ તરીકેની વરણી બાદના તમામ કાર્યક્રમોની તસવીરી ઝલક દર્શાવતી પ્રોફાઈલ મોકલી આપેલી છે અને સાથે એક વિનંતી પત્ર પણ મોકલેલ. જેના અનુસંધાનમાં અનેક સૂચનો ઠેર ઠેરથી મળેલ છે ત્યારે અવશ્ય સંતોષ થાય છે કે અખિલ ગુજરાત લોહાણા સમાજની સમગ્ર ટીમ સાચી દિશામાં આપણા સમાજનાં સર્વાંગી વિકાસ માટે કાર્ય કરી રહેલ છે 'તુંડે તુંડે મતિ ભિન્ન' કહેવત મુજબ દરેકના વિચારો અલગ – અલગ હોય છે, પરંતુ આ વિચારો હકારાત્મક હોવા ખૂબ જ જરૂરી છે. આપણું ધ્યેય આપણા સમાજને સંગઠીત કરવાનું છે ત્યારે કોઈ પ્રત્યે કોઈપણ દ્વેશભાવ હોઈ જ ના શકે. આપણું કામ ફક્ત દરેકને આવકારવાનું છે અને સાથે રહીને આપણા સમાજના જરૂરિયાતવાળા પરિવારોને મદદરૂપ થવાનું છે. પૂ.શ્રી મોરારીબાપુને કોઈકે પૂછ્યું કે, માનવી કેમ સુધરતો નથી ત્યારે સંતશ્રીએ ખૂબ જ સુંદર જવાબ આપેલો કે, આપણું જીવન ગેરેજ સમાન છે. ત્યાં દરેક પ્રકારની ગાડીઓ આવતી રહેવાની, કોઈ ગાડી વહેલી રીપેર થઈ જાય તો કોઈ મોડી, પણ રીપેર જરૂર થાય છે, આપણે પ્રયત્ન છોડવા જોઈએ નહીં.

યુવા સમિતિના પ્રમુખશ્રી જીજ્ઞેશભાઈ ભજીયાવાલાએ તા.૧૩ તથા ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ આયોજિત 'યુવા વ્યક્તિત્ત્વ શિબિર'ની સફળતા અંગે ટૂંકમાં જણાવ્યુ હતુ કે, આ બે દિવસની શિબિર દરમ્યાન સંપૂર્ણ જાગૃત અવસ્થામાં જોયેલું

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ઘનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

સ્વપ્ન છે કે, ભવિષ્યમાં હું પણ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદનો પ્રમુખ બનીશ.

યુવા વ્યક્તિત્વ શિબિરમાં ભાગ લેનાર અમી પંડતે તેની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યુ હતુ કે, આપણો સમાજ યુવાનોને પ્રોત્સાહિત કરવા જે પદ્ધતિથી કાર્ય કરે છે, તેનાથી પ્રેરણા મળેલ છે. પ્રમુખશ્રી ઉમંગભાઇ ઠક્કર તથા યુવા સમિતિના પ્રમુખશ્રી જીજ્ઞેશભાઇ ભજીયાવાલાના વિચારોથી ખૂબ પ્રભાવિત થઇને અમીએ જણાવ્યું કે, 'You Attitude' એટલે કે સામેવાળી વ્યક્તિને પૂરૂં સન્માન આપવાથી અવશ્ય સફળતા મળે છે.

શ્રી એકતા દાસાણીની રજૂઆત ખૂબ જ હૃદયસ્પર્શી રહી હતી. એકતાના જણાવ્યા મુજબ અત્યાર સુધી જિંદગીના દિવસો કાઢી રહી હતી. હવે ખરેખર જિંદગી જીવી રહ્યા હોઇએ તેવું લાગે છે. સમાજે અમને ખૂબ આપ્યું છે અને આપતા રહે છે. શિબિરના બે દિવસો દરમ્યાન દરેક વક્તાઓએ ખૂબ જ પ્રેરણાદાયી માર્ગદર્શન આપી આમારૂં જીવન બદલી નાખ્યું છે. દરેક વક્તાઓના વિષયો પણ યુવાનોને સ્પર્શતા અને સચોટ પસંદ કરવામાં આવ્યા હતા અને ટૂંકમાં કહીએ તો શિબિર પહેલા અમે એક વ્યક્તિ હતા અને હવે અમે પ્રતિભા છીએ... અખિલ ગુજરાત લોહાણા સમાજના લોગોમાં દર્શાવેલ 'સંગઠન – સહકાર – સમર્પણ'ના કોઈ પુરાવાની જરૂર જ નથી કારણ કે, તેમની પ્રવૃત્તિઓ જ તેના પુરાવા છે.

અખિલ ગુજરાત લોહાણા સમાજના યુવા સમિતિના મહામંત્રીશ્રી સુમિતભાઇ ઠક્કરે જણાવ્યુ કે, બે દિવસની 'યુવા વ્યક્તિત્વ શિબિર' દરમ્યાન ૨૫૦ યુવાનોને જીવનનું ભાથું પીરસ્યું છે અને અમને વિશ્વાસ છે કે, આ ૨૫૦માંથી ૨૫૦૦ સુધી આ ભાથું પહોંચવું જ જોઇએ અને ચોક્કસ પહોંચશે જ... આવા વિશેષ કાર્યક્રમનું આયોજન પહેલી વખત થઇ રહ્યું છે તેનું ગૌરવ છે અને આપણો સમાજ સાચી દિશામાં વિકાસ તરફ આગળ વધી રહ્યો છે. તેની અનુભૂતી થઇ રહી છે. અમારી સામાજિક કારકિર્દી દરમ્યાન ક્યારે પણ આવા ઉત્સાહી અને દીર્ઘદૃષ્ટિ ધરાવતા તેમજ સતત સમાજના ઉત્કર્ષ માટે રચનાત્મક કાર્યક્રમો આપી રહેલા પ્રમુખશ્રી જોયા પણ નથી અને સાંભળ્યા પણ નથી. શ્રી સુમિતભાઇએ જણાવ્યુ હતુ કે, હાલના આપણી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી યોગેશભાઇ લાખાણી તથા અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઇ ઠક્કર આપણા સમાજના સર્વાંગી વિકાસ માટે જે કાંઇ કરી રહ્યા છે તે આપણે કરી શકીએ...? જો 'ના' તો આપણે તેમને અનુસરીને તેમના કાર્યમાં જોડાઇ જવું જોઇએ. વધુમાં યુવા સમિતિના પ્રમુખશ્રી જીજ્ઞેશભાઇ ભજીયાવાલાની કાર્ય પદ્ધતિની પ્રશંસા કરતા શ્રી સુમિતભાઇ ઠક્કરે જણાવ્યુ કે, ૩૦ હજારથી વધારે કિ.મી.નો પ્રવાસ કરી. ગુજરાતના તમામ વિભાગોમાં યુવાનોને ખૂબ જ પ્રોત્સાહિત કર્યા છે અને ચુનંદા યુવાનોને પસંદ કરી યુવા ટીમની રચના કરી છે. હવે ગુજરાતના તમામ ગામ શહેરના જ્ઞાતિબંધુઓ તથા યુવાનો સાથે આત્મીય પરિચય કેળવાઇ ગયો છે. પ્રમુખશ્રી ઉમંગભાઇ ઠક્કરની સતત પ્રેરણા અને પ્રોત્સાહન થકી આજીવન સમાજ સેવાને સમર્પિત થવાનો સંકલ્પ લઇએ છીએ.

યુવા સમિતિના પ્રમુખશ્રી જીજ્ઞેશભાઇ ભજીયાવાલાએ જણાવ્યુ કે, મારે જે કંઇ કહેવું હતુ તે, અમી, એકતા અને સુમિતભાઇએ કહી દીધુ છે, હું એટલું જ કહીશ કે, મારી સમાજ સેવાની ક્ષમતા સુરત પૂરતી મર્યાદીત હતી પરંતુ રાજ્ય કક્ષાની જવાબદારી સોંપી, શ્રી ઉમંગભાઇએ જે પ્રેરણા અને પ્રોત્સાહન આપી અમારો ઉત્સાહ વધાર્યો છે, તેના થકી જ આ શક્ય બન્યુ છે.

મહામંત્રીશ્રી ભગવાનભાઇ ઠક્કર 'બંધુ'એ આદરણીય શ્રી પ્રવિણબાપાના આગમની નોંધ લેતા તેમની તન–મન–ધનથી સમાજ સેવાની ભાવનાને બીરદાવી હતી. શ્રી પ્રવિણબાપાએ માર્મીક વાત કરતાં જણાવ્યુ કે, 'યુવા વ્યક્તિત્વ શિબિર'ના અનુભવો સાંભળ્યા પછી હાજર ન રહી શકવાનો અફસોસ છે, પરંતુ આપ સૌ જ્યારે મજામાં હો ત્યારે નહીં પણ કોઇપણ ક્ષેત્રે મજામાં ન હો ત્યારે અચૂક યાદ કરજો, જરૂર આવી જઇશ. તેમણે જૂની ફિલ્મનું ગીત 'જ્યોત સે જ્યોત જલાતે ચલો... પ્રેમ કી ગંગા બહાતે ચલો' યાદ કરતાં સૌને પ્રેમથી સમાજ સેવામાં આગળ વધવા અને આપણા સમાજના સર્વાંગી વિકાસ માટે સૌને અપીલ કરી હતી.

રાજકોટથી આવેલ મૂક ગૌ સેવક શ્રી મીતલ ખેતાણીએ રજૂઆત કરતાં વિવિધ મુદ્દાઓ રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યુ કે, આ 'ચિંતન શિબિર' નહીં પણ 'ચેતના શિબિર' છે. આપણા રઘુવંશી ભાઇ – બહેનોમાં જબરજસ્ત ચેતના જગૃત થઇ છે,

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

તેનો પ્રત્યક્ષ અનુભવ થઈ રહ્યો છે. શ્રી મીતલભાઈએ જણાવ્યુ કે, વડીલ વૃદ્ધો માટે વિશેષ કાર્ય થાય, બાળકો આપણા સમાજનું ભવિષ્ય છે, તેમના માટે શિબિરનું આયોજન થાય, મહિલાઓના ઉત્કર્ષ માટે વિશેષ આયોજન કરવામાં આવે અને તેમની પ્રતિભાનો સર્વાંગી વિકાસ થાય તે જોવું જોઈએ. રઘુવંશી યુનિવર્સિટીની સ્થાપના થવી જોઈએ. ૩૫ વર્ષથી વધારે ઉંમરના અપરણીત યુવક – યુવતીઓ માટે પરિચય મેળાનું આયોજન કરવા પણ તેમણે સૂચન કર્યું હતુ. આ તમામ સૂચનો તેમણે અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના – રાજકોટ વતી કર્યા હતા.

પ્રત્યુતરમાં પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરે જણાવ્યુ હતુ કે, રઘુવંશી યુનિવર્સિટી આપણા સૌ માટે ગૌરવ બની શકે, તેમજ મુંબઈ સ્થિત 'અંજળ અને અવસર'ના સૂત્રધાર શ્રી જયેન્દ્રભાઈ સોઢા સાથે ચર્ચા કરી વેવિશાળ માહિતી અંગે પણ શું થઈ શકે તે બંને બાબતની જવાબદારી આપણે શ્રી મીતલભાઈ ખેતાણીને સોંપીએ.

વધુમાં શ્રી મીતલભાઈ ખેતાણીએ થેલેસેમિયા જાગૃતિ માટે, સગપણ પહેલાં જ થેલેસેમિયા ટેસ્ટ ફરજિયાત કરવા સમાજને અનુરોધ કર્યો હતો અને થેલેસેમિયા વર્ષ ઉજવવાનું સૂચન કર્યું હતુ. પ્રત્યુતરમાં શ્રી પ્રવિણબાપાએ થેલેસેમિયા વર્ષ નહીં પણ રોજે રોજ થેલેસેમિયા પરિક્ષણ થતું જ રહેવું જોઈએ જ્યાં સુધી થેલેસેમિયા નાબૂદ ન થાય ત્યાં સુધી... આ બાબતે મહાજનોએ ખાસ જાગૃત થવાની આવશ્યકતા અંગે તેમણે ખાસ ભાર મૂક્યો હતો.

રાધનપુરથી પધારેલા શ્રી દેવચંદભાઈએ આર્થિક જરૂરિયાતવાળા પરિવારો માટે શિક્ષણનિધિ, આરોગ્યનિધિ, મેડીકલેમ પોલિસી જેવી યોજનાઓ અમલમાં મૂકી મદદરૂપ થવા અનુરોધ કર્યો હતો, આ બાબતે પ્રમુખશ્રી ઉમંગભાઈએ તેમના સૂચનને સમાજના હીતમાં સ્વીકારી, તે અંગેની સંપૂર્ણ જવાબદારી શ્રી દેવચંદભાઈ ઠક્કરને સોંપી હતી.

ભાવનગરથી પધારેલા ડૉ.નરેશભાઈ સૂચક દ્વારા આરોગ્ય ક્ષેત્રે સેવા માટે ચાર પ્રોજેક્ટ સાથે માહિતી રજૂ કરી હતી. જેમાં રાજકીય સ્વાસ્થ્ય સેવા યોજના, હોસ્પિટલ સેવા, વીમા પોલિસી તેમજ મીડીયા લેવલે હેલ્પલાઈન અંગે રજૂઆત કરી હતી. માહિતી – સૂચન વધારે વિસ્તૃત હોવાથી પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરે વિનંતી કરી કે, આપના તમામ પ્રોજેક્ટ સવિસ્તાર મોકલી આપશો. જેથી આપણા ત્રિમાસીક મુખપત્ર 'લોહાણા વિઝન એન્ડ મિશન'માં પ્રકાશિત કરી શકાય. અત્યારે આપણી પાસે સમય મર્યાદા હોવાથી બીજા જ્ઞાતિબંધુઓને તક આપવી જરૂરી છે.

ધોરાજીથી પધારેલા મહાજન પ્રમુખશ્રી રમેશભાઈ કાછેલાએ ઉચ્ચ શિક્ષણ માટે દરેક મહાજનોને અલગ ફંડ ઊભુ કરવા હિમાયત કરી હતી તેમજ વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી દિવ્યેશભાઈ રાજદેવ વતી રજૂઆત કરતા જણાવ્યુ કે, આપણા દરેક જ્ઞાતિબંધુઓનું પોતાનું ઘર હોવું જોઈએ. તેના માટે સ્થાનિક મહાજન જરૂરિયાત મુજબ જમીન ખરીદે તેના ઉપર મકાન બનાવી આપવાની જવાબદારી શ્રી દિવ્યેશભાઈની ટીમ લેશે. આ યોજના કોઈ વ્યક્તિગત નામથી નહીં પણ 'જલારામ આવાસ યોજના' તરીકે જ ઓળખાશે. વધુમાં તેણે જણાવ્યુ કે, અત્યાર સુધી સૌરાષ્ટ્રના વવિધ ગામ – શહેરોમાં આ યોજના અંતર્ગત ૧૦૩૦ મકાનો બની ગયા છે અને જ્ઞાતિબંધુઓને અર્પણ કરી દેવામાં આવ્યાં છે.

પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરે આ વાતને પૂરો ટેકો જાહેર કરતાં જણાવ્યુ કે, હું પોતે બિલ્ડર છું અને આપ સૌના સાથ સહકારથી આપણા કોઈ જ્ઞાતિબંધુ પોતાના મકાન વગર ન રહે તેટલા અગણીત મકાનો બનાવીશુ.. વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, આ સૂચનથી આ શિબિર સંપૂર્ણ સફળ થઈ હોય તેવો અનુભવ થઈ રહ્યો છે.

વડોદરાથી પધારેલા શ્રી રમણીકભાઈ જોબનપુત્રાએ જણાવ્યુ કે, દરેક મહાજનવાડીને આધુનિક સુવિધાઓ મુજબ રીનોવેટ કરાવવી જોઈએ જેથી સમાજનો દરેક વર્ગ જેનો ઉપયોગ કરતાં ખચકાય નહીં. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ, ઓનલાઈન વૈવાહિક માહિતી (પરિચય મેળો), મેડીકલ સહાય ટીમ, સોશીયલ મીડીયા / સાઈટમાં બાળકો ન અટવાય તે માટે ચિંતન વગેરેની રજૂઆત કરી હતી.

પ્રત્યુતરમાં શ્રી ઉમંગભાઈએ જણાવ્યુ કે, સ્થાનિક મહાજનોએ આર્થિક સદ્ધરતા મુજબ જરૂર મહાજનવાડીમાં ફેરફાર કરવા જોઈએ. વેવિશાળ બાબતે પણ શ્રી જયેન્દ્રભાઈ સોઢા સાથે સંકલન કરવા અનુરોધ કર્યો હતો. તેમજ મેડીકલ ક્ષેત્રે વધારેમાં વધારે મદદરૂપ થવા અપીલ કરી હતી.

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

વડોદરાથી પધારેલા શ્રી નિલેશભાઈ રાડીયાએ જણાવ્યુ કે, હાલની અતિવ્યસ્ત જીવનશૈલીને કારણે તણાવ ગ્રસ્ત પરિસ્થિતિમાંથી રાહત મેળવવા ખાસ શિબિરનું આયોજન કરવું જોઈએ અને જેમ બધી બેંકો – હોસ્પિટલો સાથે ટાઈ–અપ કરે છે, તેમ આપણે પણ તે માટે પ્રયત્ન કરવા જોઈએ.

પ્રત્યુતરમાં શ્રી ઉમંગભાઈ ઠક્કરે જણાવ્યું કે, અખિલ ગુજરાત લોહાણા સમાજ દ્વારા પણ સીમ્સ હોસ્પિટલ સાથે ટાઈ–અપ કરવામાં આવ્યું છે અને અત્યાર સુધીમાં અમદાવાદ તથા પોરબંદર ખાતે બે ફ્રી મેડિકલ ચેક–અપ કેમ્પનું પણ આયોજન થઈ ગયું છે અને સીમ્સ હોસ્પિટલ ખાતે સારવાર લેનાર જ્ઞાતિબંધુઓને પણ નિયમાનુસાર યથાયોગ્ય આર્થિક રાહત મળી રહે તે માટે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. તણાવ ગ્રસ્ત પરિસ્થિતિમાંથી રાહત મેળવવા શિબિરનું આયોજન કરવા અંગે શ્રી જીજ્ઞેશભાઈ ભજીયાવાલાએ જણાવ્યુ કે, તા.૧૪.૦૨.૨૦૧૫ના રોજ યોગ અને ધ્યાન અંગે માર્ગદર્શન આપવા આવેલા શ્રી આનલ ગજ્જર આ પ્રકારની શિબિરનું આયોજન કરી આપશે. આપ આપના સ્થાનિક કક્ષાએ સંકલન કરી જણાવી શકો છો. આ ઉપરાંત બે દિવસીય યુવા શિબિર દરમ્યાન આવેલા કોઈપણ ફેકલ્ટીના વક્તવ્યનું આયોજન કરવુ હશે તો પણ થઈ શકશે તેમ શ્રી જીજ્ઞેશભાઈએ ઉમેર્યુ હતુ.

અંકલેશ્વરથી પધારેલા શ્રી નરેશભાઈ પુજારાએ સરકારી અધિકારીઓના વિશિષ્ઠ સન્માન સમારોહ અંગે જણાવ્યુ હતુ કે, દરેક ગામના આગેવાનોએ આ જવાબદારી સ્વીકારી પોતાના ગામમાં કાર્ય કરતાં ઉચ્ચ હોદ્દો ધરાવતા જ્ઞાતિબંધુઓની યાદી તૈયાર કરીને કાર્યાલય સુધી પહોંચાડવાની જવાબદારી સ્વીકારી લેવી જોઈએ. આ ઉપરાંત ગુજરાત રાજ્ય કક્ષાએ મહારક્તદાન શિબિરનું આયોજન કરી રઘુવંશીઓએ ઈતિહાસ બનાવવો જોઈએ.

પ્રમુખશ્રી ઉમંગભાઈએ શ્રી નરેશભાઈના સૂચનને આવકારતા તમામ હોદ્દેદારોને સહકાર આપવા અપીલ કરી હતી.

સુરતથી પધારેલા શ્રી ચંદુભાઈ ખખ્ખરે જણાવ્યુ કે, સુરત ખાતે મહાજનવાડી નથી તો તે અંગે યોગ્ય તપાસ કરી અખિલ ગુજરાત લોહાણા સમાના હોદ્દેદારો રસ લે તે જરૂરી છે. તેના પ્રત્યુતરમાં શ્રી ઉમંગભાઈએ જણાવ્યુ કે ડીસા જેવા નાના શહેરમાં સાત વાડીઓ છે, જ્યારે અમદાવાદમાં ફક્ત બે જ છે. છતાં પણ અમારી ફરજ સમજી આ અંગે અમદાવાદથી જ શરૂઆત કરી યોગ્ય કરવા પ્રયત્ન કરીશુ.

સમયની મર્યાદાને ધ્યાનમાં લેતાં પ્રોફેશનલ સમિતિના મંત્રીશ્રી હિમાંશુભાઈ ઠક્કરે સૂચન કર્યુ હતુ કે, આપ આપના સૂચન આપણી અખિલ ગુજરાત લોહાણા સમાજની વેબસાઈટ ઉપર મૂક્શો. તે અંગેની સંપૂર્ણ જવાબદારી શ્રી હિમાંશુભાઈને સોંપવામાં આવી હતી.

ભાણવડના બિનેશભાઈ પતાણીએ છૂટાછેડાના વધતાં જતાં પ્રશ્નો અંગે સમાજને રસ લેવા અપીલ કરી હતી, શ્રી બાબુભાઈ રતાણીએ જલારામ જયંતિ જેવા ધાર્મિક કાર્યક્રમો, ઉત્સવો અખિલ ગુજરાત લોહાણા સમાજના નેજા હેઠળ એક જ જગ્યાએ ઉજવાય તેમજ મહારક્તદાન શિબિરનું આયોજન કરવા સૂચન કર્યુ હતુ.

આઈ.ટી. સમિતિના પ્રમુખશ્રી કીર્તિભાઈ ઠક્કરે જણાવ્યુ હતુ કે, 'કોમ્પ્યુટર : કેળવણી અને જાળવણી' પુસ્તકને ધ્યાનમાં રાખીને નજીકના ભવિષ્યમાં ઓનલાઈન પરિક્ષાનું આયોજન કરવામાં આવનાર છે. તો તમામ જ્ઞાતિબંધુઓને તેમાં જોડાવા અપીલ કરી હતી. જૂન માસમાં પાંચમી કારોબારી સભામાં તેના પરિણામો જાહેર કરી વિજેતાઓને પ્રોત્સાહિત કરવામાં આવશે.

વાંકાનેરના શ્રી વિનુભાઈ કટારીયાએ જણાવ્યુ કે, આપણો સમાજ ક્ષત્રીય છે અને આપણે નેતૃત્વ કરવાનું છે. તો આપણો સમાજ રાજકારણમાં રસ લે અને આપણા જ્ઞાતિબંધુઓને સરકારમાં યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે ખૂબ જરૂરી છે. વડોદરાના શ્રી દિનેશભાઈ ઠક્કર (દુનિયા લોહાણાની)એ શ્રી વિનુભાઈની વાતને સમર્થન આપતાં જણાવ્યું કે, અમદાવાદ સરકીટ હાઉસ ખાતે મિટીંગનું આયોજન કરી એપ્રિલ માસમાં રાજકીય કાર્યકર્તાઓને સંગઠીત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

શ્રી દિવ્યેશભાઈ રાજદેવે જણાવ્યુ હતુ કે, શ્રી ઉમંગભાઈ ઠક્કર તથા શ્રી યોગેશભાઈ લાખાણી રઘુવંશીઓને રાજકીય

૧) લોહાણા સમાજના સંગઠનને મજબૂત બનાવવા વસ્તી ગણતરીનું ફોર્મ ભરી આપનું વ્યકિતગત સ્માર્ટકાર્ડ મેળવો.
૨) ફક્ત રૂા.૫૦૦/- લવાજમ ભરીને લોહાણા વિઝન એન્ડ મિશનના ગ્રાહક બની સમાજની તમામ પ્રવૃત્તિઓની માહીતી ઘેરબેઠા મેળવો.

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

ક્ષેત્રે આગળ લાવવા અને સામાન્ય ચૂંટણીઓમાં ટીકીટ મળે તે માટે સતત સક્રિય છે.

શ્રી અમદાવાદ (હા.ઘો.ક.) લોહાણા મહાજનના પૂર્વ પ્રમુખ અને આજીવન સમાજ સેવક શ્રી દયાળજીભાઈ ચંદારાણાએ આત્મસંતોષ વ્યક્ત કરતાં જણાવ્યુ કે, આપણા પૂર્વજો જેમણે મહાજનોની તથાશ્રી લોહાણા મહાપરિષદની સ્થાપના કરી હતી તેમનો જીવ ક્યારેય અવગતિએ નહીં જાય તેવો વિશ્વાસ અને સંતોષ આજની આ શિબિરમાં હાજર રહેવાથી જરૂર થયો છે.

ગાંધીનગરના શ્રી યોગેશભાઈ માધવાણીએ ખૂબ જ ઉત્સાહ સાથે રજૂઆત કરી કે ખરેખર યુવા વર્ષ ઉજવણી નહીં પણ યુવા યુગની ઉજવણી થવી જોઈએ. જે સમાજમાં તન–મન–ધનથી સેવાનો પ્રવાહ વહેતો હોય તેને સતત ચાલુ રાખવા આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા વિડિયો કોન્ફરન્સથી મિટીંગોનું આયોજન થવું જોઈએ અને આપણા સમાજના સર્વશ્રેષ્ઠ પ્રકાશન ‘લોહાણા વિઝન એન્ડ મિશન’ને પણ વધારેમાં વધારે સભ્યો બનાવી સાથે જોડવું જોઈએ.

જૂનાગઢના ચેતનાબહેન મિશ્રાણીએ સમાજના દરેક પ્રશ્નોમાં સ્થાનિક મહાજનો તથા તેના હોદ્દેદારોએ રસ લેવા ભારપૂર્વક જણાવ્યું હતું તેમજ તેમના દરેક પરિપત્રમાં ‘લોહાણા વિઝન એન્ડ મિશન’ના સભ્ય બનવા માટે અપીલ મૂકવી જ જોઈએ.

પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર દ્વારા આ ચર્ચાઓ દરમ્યાન થયેલા સૂચનોને બિરદાવતા આપણા મુખપત્ર ‘લોહાણા વિઝન એન્ડ મિશન’ના સભ્ય બનાવવા દરેક હોદ્દેદારોને અપીલ કરી હતી. જેના અનુસંધાનમાં શ્રી બાબુભાઈ રતાણી – અમદાવાદ (૧૦૦ સભ્યો), શ્રી ચંદુભાઈ ખખ્ખર – સુરત (૫૦ સભ્યો), શ્રી બિનેશભાઈ પતાણી – ભાણવડ (૧૦૦ સભ્યો), શ્રી મહેશભાઈ નાગ્રેચા તથા શ્રી ભાવિનભાઈ પોપટ – વડોદરા (૨૫૦ સભ્યો), શ્રી શંકરભાઈ ક્તીરા – ડીસા (૫૦ સભ્યો), શ્રી વિનુભાઈ કટારીયા – વાંકાનેર (૫૦ સભ્યો), શ્રીમતી કલ્પનાબહેન ઠક્કર – અમદાવાદ (૫૦ સભ્યો), શ્રી જયંતિલાલ ચંદુલાલ ઠક્કર – વડોદરા (૫૦ સભ્યો), શ્રી શૈલેષભાઈ સોનપાલ – સુરત (૧૦૦ સભ્યો), શ્રી વસંતભાઈ સોમૈયા – આણંદ (૫૦ સભ્યો), શ્રી યોગેશભાઈ માધવાણી – ગાંધીનગર (૧૦૦ સભ્યો), શ્રી નરોત્તમભાઈ ઠક્કર – અમદાવાદ (૫૦ સભ્યો), શ્રીમતી સરયુબહેન અમલાણી – વડોદરા (૫૦ સભ્યો), વગેરેએ જવાબદારી સ્વીકારી પ્રમુખશ્રી તથા તેમની સમગ્ર ટીમનો ઉત્સાહ વધાર્યો હતો.

મહામંત્રીશ્રી ભગવાનભાઈ ઠક્કર ‘બંધુ’એ ઉપસ્થિત સૌ જ્ઞાતિશ્રેષ્ઠીઓ હોદ્દેદારો, યુવાનો, મહિલાઓનો તેમજ સૌ કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કર્યો હતો તેમજ પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરના સંપૂર્ણ આર્થિક સહયોગથી આવી પરિણામલક્ષી શિબિરનું આયોજન કરવા બદલ તેમનો વિશેષ આભાર માન્યો હતો અને સૌને ભોજન પ્રસાદ માટે આમંત્રિત કર્યા હતા.

વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી
**શ્રી ધનવાનભાઈ કોટક**
**શ્રી દિવ્યેશભાઈ રાજદેવ**

પ્રમુખશ્રી
**શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર**

મહામંત્રીશ્રી
**શ્રી ભગવાનભાઈ ઠક્કર ‘બંધુ’**
**શ્રી મુકેશભાઈ ઠક્કર**

૧) લોહાણા સમાજના સંગઠનને મજબૂત બનાવવા વસ્તી ગણતરીનું ફોર્મ ભરી આપનું વ્યકિતગત સ્માર્ટકાર્ડ મેળવો.
૨) ફક્ત રૂા.૫૦૦/- લવાજમ ભરીને લોહાણા વિઝન એન્ડ મિશનના ગ્રાહક બની સમાજની તમામ પ્રવૃત્તિઓની માહીતી ઘેરબેઠા મેળવો.